# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૭-૫-૨૦૧૨**

- **વર્ષમાં બે વાર મિટીંગ મળવાની બંધારણીય જોગવાઈ અને સ્પષ્ટ નિયમો હોવા છતાં રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણની સમિતિની મિટીંગ બે વર્ષ અને ત્રણ મહિને મળી.**
- **કાયદો સ્પષ્ટ છે કે, ઓછામાં ઓછું વર્ષમાં બે વાર મળવું જ જોઈએ.**
- **નિયમ-૧૬(૧)(૩)માં તમામ એસ.સી. અને એસ.ટી. ચૂંટાયેલા ધારાસભ્યો અને સાંસદોને કમિટીમાં સ્થાન આપવું જ જોઈએ. આમ છતાં, મુખ્યમંત્રીશ્રીએ એસ.સી.-એસ.ટી.ના પ્રશ્નો કોઈ ઊઠાવે જ નહીં તે માટે કોંગ્રેસના એક પણને સ્થાન ન આપ્યું.**
- **ગુજરાતમાં દલિત અને આદિવાસી વિરોધી માનસિકતા મુખ્યમંત્રીશ્રીની હોવાથી ૯૫ ટકા ગુનેગારો નિર્દોષ.**
- **૯૫ ટકા નિર્દોષ છૂટનારાઓ સામે પ્રથમ અપીલ પણ દાખલ કરવાની ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની તૈયારી નથી.**
- **ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની માનસિકતા જ બંધારણીય જોગવાઈઓ અને નિયમોથી વિરુદ્ધ.**
- **દલિત ભાઈઓના મહત્વના પ્રશ્નો અંગે મુખ્યમંત્રીશ્રીનું નકારાત્મક વલણ.**
- **ગુજરાતમાં ૮૨૨ કેસોમાં માત્ર ૪૭ને સજા અને ૭૭૫ નિર્દોષ છૂટેલાં છે.**

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અધિકારોના રક્ષણ માટે ભારતના બંધારણના અનુચ્છેદ-૧૭થી ખાસ જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની આ જોગવાઈને અનુરૂપ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ તથા તે હેઠળ નિયમો ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલાં છે. ૧૯૯૫માં બનેલાં આ નિયમોના નિયમ-૧૬ની જોગવાઈ મુજબ રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતીની રચના કરવાની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીની અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વિરુદ્ધની માનસિકતા હોવાના કારણે બંધારણની જોગવાઈ તેમજ અત્યાચાર નિવારણ કાયદો અને અત્યાચાર નિવારણ નિયમોનો ખુલ્લેઆમ ભંગ ગુજરાતમાં કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની રચના થાય, તેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સાંસદ, રાજ્ય વિધાનસભા અને રાજ્ય વિધાનસભા પરિષદના ચૂંટાયા હોય તેવા તમામ સભ્યોને સભ્ય બનાવવા જોઈએ તેવી સ્પષ્ટ જોગવાઈ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીની માનસિકતા જ દલિત અને આદિવાસી વિરુદ્ધની રહી છે અને તેથી જ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ચૂંટાયેલાં કોંગ્રેસપક્ષના એકપણ સંસદસભ્ય કે ધારાસભ્યશ્રીને રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતીની રચનામાં સ્થાન આપવામાં આવ્યું નથી. નિયમોના નિયમ-૧૬(૧)(૩)માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જે ગેરબંધારણીય અને દલિત વિરોધી માનસિકતાવાળું અપકૃત્ય કરેલું છે. તેનો મુદ્દો ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે આજરોજ મળેલી રાજ્યસ્તરીય તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠકમાં ઉઠાવેલો હતો, જયારે બંધારણીય જોગવાઈ અનુરૂપ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના તમામ સભ્યોને સભ્ય બનાવવાની સ્પષ્ટ જોગવાઈ છે ત્યારે કોંગ્રેસના તમામ સભ્યોને બાકાત

રાખવાનું મુખ્યમંત્રીશ્રીનું કામ એ ગુનાહિત કૃત્ય છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજના લોકોને ભાજપની સરકાર દ્વારા સતત અન્યાય થયા કરે છે અને તેની સામેનો અવાજ રજૂ જ ન થઈ શકે તેવા પ્રકારની ગોઠવણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ કરી છે.

નિયમોના નિયમ-૧૬(૨)માં જોગવાઈ સ્પષ્ટ રીતે છે કે, રાજ્યસ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિની મિટીંગ વર્ષમાં ઓછામાં ઓછી બે વાર એટલે કે જાન્યુઆરી અને જુલાઈ માસમાં બોલાવવી જ જોઈએ. આમ, નિયમ-૧૬(૨)માં આ રીતની સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ તા. ૧૫-૨-૨૦૧૦ પછી છેલ્લા બે વર્ષ અને ત્રણ મહિનામાં એકપણ મિટીંગ રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ કમિટીની બોલાવી જ નથી. રાજ્યસ્તરીય તકેદારી અને મોનીટરીંગ કમિટીની બેઠક અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના લોકોના પ્રશ્નોના અસરકારક ઉકેલ માટે અત્યંત જરૂરી છે અને નિયમોની જોગવાઈ છતાં બે-બે વર્ષ કરતાં વધારે સમય સુધી આ મિટીંગ ન બોલાવવી તે ગુન્હાહિત કૃત્ય છે. ગુજરાતમાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના લોકોને મળવાપાત્ર લાભો અંગેની નિયમિત સમીક્ષા થાય, રાજ્યના વહીવટીતંત્રમાં મુખ્ય સચિવથી લઈને પોલીસ સ્ટેશન સુધીના તમામ સ્તરે, તમામ સંવર્ગોમાં આ વર્ગોનું પૂરતું પ્રતિનિધિત્વ રહે, સાંથણીની જમીન અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના લોકોને પૂરતી પ્રાપ્ત થાય, સામાજીક બહિષ્કારના કે અસ્પૃશ્યતાના કે જ્ઞાતિને અપમાનિત કરતા પ્રસંગોની શિક્ષાત્મક કાર્યવાહી અને પડતર કેસોની સમીક્ષા થાય, ચૂકવવાપાત્ર વળતર અંગેની સમીક્ષા થાય તે મહત્વની બાબતો રાજ્યસ્તરની તકેદારી અને મોનીટરીંગ કમિટીમાં સમયબદ્ધ રીતે ચર્ચવી જરૂરી હોવા છતાં આ મીટીંગો નહીં બોલાવવાનું વલણ ગુજરાતના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો ઉપર અત્યાચાર કરવા માટેનું જ છે.

ગુજરાતમાં ઓપન મેરીટ્સમાં પસંદગી પામતા પછાત વર્ગ પૈકીના જે ઉમેદવારનો સમાવેશ કર્યા બાદ અનામત ક્વોટામાં પાત્રતા ધરાવતા અને અન્ય ઉમેદવારોની પસંદગી કરવા અંગેના હુકમો હોવા છતાં ગુજરાત સરકાર તેનો અમલ કરતી નથી. ગુજરાતમાં રોસ્ટર એક્ટનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી. માનીતા ઉદ્યોગપતિઓને મહામૂલી જમીનો મફતમાં અપાય છે, પરંતુ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના પરિવારોને સાંથણીની જમીન આપવામાં આવતી નથી. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં આ વર્ગને અપાયેલી જમીનો પણ સાચા-ખોટા શરતભંગ ગણીને પડાવી લેવાનું પાપ ભાજપની સરકાર દ્વારા થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારે ભોગ બનનારને અપાતી વળતરની રકમમાં વધારો કરવાના હુકમો કર્યા છતાં ગુજરાત સરકાર તેનો અમલ કરતી નથી.

નિયમોમાં ચૂંટાયેલા તમામ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના સભ્યોને સ્થાન આપવાની નિયમ-૧૬(૧)(૩)થી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસના ચૂંટાયેલાં સભ્યોને સ્થાન આપેલું નથી. તેજ રીતે એસ.સી.-એસ.ટી. અત્યાચાર નિવારણ નિયમોના નિયમ-૧૬(૨)થી મિટીંગ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત બોલાવવાની જોગવાઈ હોવા છતાં બે-બે વર્ષ સુધી મિટીંગ નહીં બોલાવીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અધિકારો વિરુદ્ધનું કૃત્ય કરેલું છે. આ પ્રકારનું અપકૃત્ય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ મુજબ ગુનો બને છે. નિયમોની જોગવાઈથી રાજ્યસ્તરની તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતિના સભ્ય તરીકે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટેના રાષ્ટ્રીય આયોગના નિયામક સભ્ય બનાવવા ફરજિયાત હોવા છતાં ગુજરાત સરકારે અનુસૂચિત આદિજાતિ માટેના રાષ્ટ્રીય આયોગના નિયામકને સભ્ય તરીકે સ્થાન આપેલું જ નથી, જે પણ નિયમોની જોગવાઈથી વિરુદ્ધ છે.

ગુજરાતની ભાજપની સરકારની માનસિકતા જ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના લોકોને ન્યાય આપવા માટેની નથી તેનું સ્પષ્ટ દર્શન આજની મિટીંગમાં જોવા મળ્યું હતું. ગુજરાતમાં તા. ૧-૧-૨૦૧૧થી તા. ૩૧-૧૨-૨૦૧૧ એટલે કે એક વર્ષમાં નીચેની કોર્ટોમાં ૮૨૨ કેસ અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાઓ ચાલ્યા હતા. આ પૈકી ૭૭૫ જેટલા કેસોમાં ગુનેગારો નિર્દોષ છૂટી ગયા હતા. સમગ્ર ભારત દેશમાં કોઈપણ જગ્યાએ આટલા મોટા પાયા પર દલિત વિરોધમાં ગુનાઓ કરનારા નિર્દોષ છૂટતા નથી. સરકારે આપેલાં આંકડાઓ મુજબ ગુજરાતમાં ૨૦૧૦માં માત્ર ૪.૯૪ ટકા લોકોને જ સજા થઈ છે, જયારે ૯૫.૦૬ ટકા લોકો નિર્દોષ છૂટી ગયેલા છે. તે જ રીતે ૨૦૧૧માં માત્ર ૪.૫૪ ટકા લોકોને જ સજા થયેલી છે અને ૯૫.૪૬ ટકા લોકો નિર્દોષ છૂટી ગયેલા છે. આમ, સરકારની માનસિકતા જ દલિતો વિરુદ્ધના ગુનાઓમાં ગુનેગારોને બચાવવા માટેની છે. આજની મિટીંગમાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ખૂબ જ આક્રોશપુર્ણ રીતે મુખ્યમંત્રીશ્રી અને સમિતિના સભ્ય મંત્રીશ્રીઓ તેમજ ભાજપના ધારાસભ્યશ્રીઓના ચોંકાવનારા આંકડાઓ તરફ ધ્યાન ખેંચીને માંગણી કરી હતી કે, આટલાં મોટા પાયા પર દલિત વિરોધી ગુનો કરનારાઓ કેમ છૂટી જાય છે ? તેની સરકારે જ ચિંતા કરવી જોઈએ. આવો ગુનો કરનારાઓને સજા મળે જ તે જોવાની સરકારની જવાબદારી છે, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં સહેજ પણ ઉત્સુકતા દર્શાવી નહોતી. આમ, ગુજરાતમાં ૮૨૨ કેસોમાંથી માત્ર ૪૭ને સજા અને ૭૭૫ નિર્દોષ છૂટેલાં છે. વિરોધપક્ષના નેતાએ મિટીંગમાં દ્રઢતાપૂર્વક માંગણી કરી હતી કે, આટલી મોટી સંખ્યામાં નિર્દોષ છૂટેલાઓ સામે કમ સે કમ પ્રથમ અપીલ તો રાજ્ય સરકારે કરવી જ જોઈએ. કમનસીબે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વિરુદ્ધની માનસિકતા ધરાવતાં મુખ્યમંત્રીશ્રીએ નિર્દોષ છૂટનારાઓ સામે કમ સે કમ એક અપીલ કરવાની વિરોધપક્ષના નેતાની માંગણી પણ ગ્રાહ્ય રાખી ન હતી. ૭૭૫ નિર્દોષ છૂટેલાઓ પૈકી માત્ર ૧૫ કેસોમાં જ ગુજરાતની સરકારે અપીલ કરેલી છે. આમ, દલિત વિરોધી ગુનો કરનાર સામે કોઈ જ કાર્યવાહી ન થાય અને પરિણામે આ વર્ગમાંથી કોઈ પોલીસ સ્ટેશનમાં કેસ કરવા જ ન જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પેદા કર્યું છે. આવી વિપરીત પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે જ મોટાભાગના ભોગ બનનારાઓ કેસ કરવાનું જ માંડી વાળે આમ છતાં, ૨૦૧૦માં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ અધિનિયમ) નીચે કુલ ૧,૦૦૬ ગુનાઓ નોંધાયા છે, જેમાં વધારો થઈને ૨૦૧૧માં ૧,૦૮૨ ગુનાઓ નોંધાયેલા છે.

---

નોંધ - **The Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Rules, 1995ની નકલ www.shaktisinhgohil.com ઉપર ઉપલબ્ધ છે.**

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ